
# ગુજરાતી નિબંધો

## ધોરણ - ૭

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

શાળાનું નામ -




૧. અનુલેખન

૨. વર્ષાઋતુ

૩. રક્ષાબંધન

૪. વાર્તાલેખન

૫. સ્વાતંત્ર્ય દિન

૬. શ્રુતલેખન

૭. મકરસંક્રાતિ

૮. મેં કરેલા પ્રવાસનું વર્ણન


૯. મહાત્મા ગાંધીજી

૧૦. માતૃપ્રેમ

૧૧. સુભાષચંન્દ્ર બોઝ

૧૨. પત્રલેખન

૧૩. વિચાર વિસ્તાર









## અનુલેખન

વિજ્ઞાને આપણને અનેક સુખ-સગવડનાં સાધનોની ભેટ આપી છે. તેમાં કમ્પ્યુટર વિજ્ઞાનની અદભૂત ભેટ છે. કમ્પ્યુટર દેખાવે ટીવી જેવું હોય છે. કમ્પ્યુટરમાં કી-બોર્ડ, માઉસ, મોનિટર અને પ્રિન્ટર જેવા ભાગો હોય છે. કી-બોર્ડ ટાઈપરાઈટર જેવું હોય છે. તેનાથી ટાઈપ થઈ શકે છે. માઉસનો ઉપયોગ આકૃતિ દોરવા માટે થાય છે. વળી તેના બીજા અનેક ઉપયોગો છે. મોનિટર પર ચિત્રો જોઈ શકાય છે અને લખાણ વાંચી શકાય છે. કમ્પ્યુટર ઝડપથી લખી શકે છે અને ગણતરી કરી શકે છે. કમ્પ્યુટર પર રમતો રમી શકાય છે. કમ્પ્યુટર પર ગીતો સાંભળી શકાય છે અને ચલચિત્રો પણ જોઈ શકાય છે.



## વર્ષાઋતુ

વર્ષાઋતુ વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. વર્ષાઋતુમાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાંના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં-મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં ‘ડ્રાંઉ”.. “ડ્રાંઉ”.. કરે છે.



ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવાર વર્ષાઋતુમાં આવે છે. લોકો આ તહેવારો આનંદથી ઊજવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકસાન થાય છે. અનાજ પાકતું નથી. તેને લીલો 'દુકાળ' કહે છે. કોઈ વાર તદ્દન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી. તેને "સુકો દુકાળ" કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.



## રક્ષાબંધન

રક્ષાબંધન શ્રાવણ માસના તહેવારોનો મહિનો કહે છે. શ્રાવણ માસમાં ઘણા તહેવારો આવે છે. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે બળેવનો તહેવાર ઊજવવામાં આવે છે.

કાચા સૂતરના ધાગાની રાખડી હોય છે. તેમાં રેશમના ફૂમતા વચ્ચે મોતી હોય છે હવે તો કલાત્મક રીતે રાખડીઓ બનાવવામાં આવે છે. બહેન ભાઈને હાથે રાખડી બાંધવા ઉત્સુક છે, ભાઈ બહેન પાસે રાખડી બંધાવવા ઉત્સુક હોય છે.

વહેલી સવારે રક્ષાબંધનની વિધિ કરવામાં આવે છે. બહેન ભાઈના કપાળમાં કુમકુમ તિલક કરે છે, અક્ષત ચોઢે છે. એ પછી તે ભાઈના જમણા હાથે



રાખડી બાંધે છે. રાખડી બાંધ્યા પછી બહેન ભાઈને ગોળ ખવડાવે છે. હવે ગોળને બદલે પેંડો ખવડાવે છે. બહેન ભાઈને અંતરના આશિષ આપે છે. આ પછી ભાઈ બહેનને તેની રક્ષા કરવા તથા તેને દુઃખ કે સંકટ વેળાએ મદદ કરવાની ખાતરી આપે છે. તે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે બહેનને ભેટ આપે છે. જેને 'વીરપસલી' કહે છે. આમ, રક્ષાબંધન એ ભાઈબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર છે.

આ દિવસે બ્રાહ્મણો પૂજાવિધિ કરી જનોઈને બદલે છે. ઘણાં સ્થળે બ્રાહ્મણો નદીકિનારે જઈને જનોઈ બદલવાની વિધિ કરતા હોય છે.

'રક્ષાબંધન'ના તહેવારને બળેવ પણ કહે છે. આ દિવસે નાવિકો સમુદ્રની પૂજા કરે છે. તેઓ સમુદ્રને નાળિયેરથી વધારે છે. તેથી તેને 'નાળિયેરી પૂનમ' પણ કહે છે.



આ રક્ષાબંધનના દિવસને કેટલીક સામાજિક સંસ્થાઓ પણ ઊજવે છે. આવી સંસ્થાઓ તરફથી કેટલીક બહેનો હોસ્પિટલોમાં જઈને દર્દીઓને હાથે રાખડી બાંધે છે. તેઓ તેમને જલદી સાજા થઈ જવાની શુભેચ્છા આપે છે. કેટલીક બહેનો જેલમાં જઈને કેદીઓને હાથે રાખડી બાંધે છે. તેમને સારું જીવન જીવવા આ પ્રસંગે પ્રેરણા આપે છે.

રક્ષાબંધન એક સામાજિક તહેવાર છે. તેની ઉજવણીમાં ભાઈ બહેનનો પ્રેમ ઝળહળે છે.

## વાર્તાલેખન

**નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો. વાર્તાને યોગ્ય મથાળું આપો ?**

(૧) એક ઝાડ – ઝાડ પર માળો – માળામાં કબૂતર રહે – ઝાડની નીચે દર – દરમાં કીડી રહે – વરસાદ પડ્યો – કીડી તણાવા લાગી - કબૂતર પાંદડું નાખ્યું – કીડી બચી ગઈ – એક શિકારી આવ્યો – કબૂતરનો શિકાર કરવા નિશાન તાક્યું – કીડીએ શિકારીને પગે ચટકો ભર્યો – કબૂતર બચી જાય

### કીડી અને કબૂતર

એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડની નીચે દર હતું. તેમાં એક કીડી રહેતી હતી.

એક વખત વરસાદ પડ્યો. કીડીના દરમાં પાણી ભરાઈ ગયું. કીડી પાણીમાં તણાવા લાગી. માળામાં બેઠેલા કબૂતરે આ જોયું. તેણે તરત જ ઝાડનું પાંદડું તોડી કીડી પાસે નાખ્યું. કીડી તરત જ પાંદડા પર ચડી ગઈ. કબૂતર પાંદડું ચાંચમાં લઈ ઊડ્યું. આથી કીડી બચી ગઈ. કીડીએ કબૂતરનો આભાર માન્યો.

થોડા દિવસ પછી ત્યાં એક શિકારી આવ્યો. તેણે કબૂતરનો શિકાર કરવા બાણ તાક્યું. કીડીએ આ જોયું. તે તરત જ શિકારી પાસે આવી અને શિકારીના પગે ચટકો ભર્યો. શિકારીના હાથમાંથી બાણ છૂટી ગયું. તે નિશાન ચૂકી ગયું. અવાજ થતાં કબૂતર ઊડી ગયું. કબૂતર બચી ગયું. આમ, કીડીએ કબૂતરનો જીવ બચાવ્યો.

બીજાનું ભલું કરવાથી આપણું ભલું થાય છે.

## વાર્તાલેખન

**બે બિલાડીઓ – એક રોટલો મળવો – રોટલા માટે ઝઘડવું – ન્યાય કરાવવા વાંદરા પાસે જવું – વાંદરાએ ત્રાજવાં લઈ આવવાં – રોટલાના બે ટુકડા કરવા – તોલવું – એક બાજુનું પલ્લું નમવું – તે માંથી રોટલાનો ટુકડો ખાવો – આમ ટુકડે ટુકડે રોટલો ખાતા જવું – છેવટનો ટુકડો પણ "આ મારી મહેનતનો" કહી ખાઈ જવો – બોધ.**

### બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ હતી. બંને ભૂખી હતી, બંને ખોરાકની શોધમાં ફરતી હતી. એટલામાં એમની નજર એક ઘરમાં પડેલા રોટલા પર પડી. બંનેએ એકસાથે રોટલા પર તરાપ મારી.

એક બિલાડી રોટલો લઈ ભાગી. બીજી બિલાડી એની પાછળ દોડી. બંને રોટલા માટે ઝઘડવા લાગી. તેવા તેઓની નજર એક વાંદરા પર પડી.

બંને બિલાડીઓ વાંદરા પાસે ગઈ. તેમણે વાંદરાને બધી વાત કરી અને ન્યાય કરવા વિનંતી કરી.

વાંદરાને બિલાડીઓ પાસેથી રોટલો પડાવી લેવો હતો. તેણે એક યુકિત વિચારી કાઢી. તે ક્યાંકથી ત્રાજવાં લઈ આવ્યો.

વાંદરાએ રોટલાના બે ટુકડા કર્યા. તેણે ત્રાજવાનાં બંને પલ્લામાં એક–એક ટુકડો મૂકી ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને ખાઈ ગયો. પછી બાકી રહેલો ટુકડો પલ્લામાં મૂકીને ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને તે ખાઈ ગયો. વાંદરાએ આમ વારંવાર કર્યું. છેવટે એક પલ્લામાં રોટલાનો નાનો ટુકડો રહ્યો.

આ ટુકડો 'મારી મહેનતનો' એમ કહી વાંદરો તે ટુકડો પણ ખાઈ ગયો અને 'હૂપ' 'હૂપ'.... કરતો ભાગી ગયો. બંને બિલાડીઓ જોતી જ રહી ગઈ.

આમ, બેની લડાઈમાં ત્રીજો ફાવે છે.

## વાર્તાલેખન (સમજદાર બકરીઓ)

**એક ઝરણા ઉપર લાકડાનો સાંકડો પુલ – બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર એક બકરીનું બેસી જવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – થોડી વાર પછી બે કુતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળુ – બંનેનું ઝઘડવું – ઝરણામાં પડવું – બોધ.**

એક ઝરણું હતું. તેના ઉપર લાકડાનો સાંકડો પુલ હતો. ચોમાસના દિવસો હતા. ઝરણામાં પાણી વેગથી વહી રહ્યું હતું. બે બકરીઓ પુલના સામસામેના છેડાથી આવી. બંને પુલની વચ્ચે ભેગી થઈ. બંને એકસાથે પસાર થઈ શકે તેમ ન હતું. પણ બંને બકરીઓ સમજદાર હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના ઉપરથી પસાર થઈ ગઈ.

થોડા સમય બાદ બે કૂતરાઓ પુલના સામસામેના છેડાથી આવ્યા. બંને કૂતરાઓ પુલની વચ્ચે ભેગા થઈ ગયા. પુલ એટલે સાંકડો હતો કે બંને કૂતરાઓ માટે એકસાથે પસાર થવાનું શકય ન હતું. બંને કૂતરાઓ ઝઘડાલુ હતા. બંને કૂતરા એકબીજાની સામે ભસવા લાગ્યા. બંને એકબીજાને પાછા ધકેલવા લાગ્યા. તેમ કરતાં કરતાં બંને કૂતરાઓ ઝરણામાં પડયા અને પાણીના વહેણમાં તણાઈને મરી ગયા.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આફતના સમયે આપણે સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ.

## પંદરમી ઓગષ્ટ (સ્વાતંત્ર્ય દિન)

પંદરમી ઓગષ્ટ એટલે સ્વાતંત્ર્યદિન. લાંબા સમય સુધી અંગ્રેજોએ આપણા દેશમાં રાજય કર્યું. આપણે પરતંત્ર હતા, ગુલામ હતા. આપણો દેશ સ્વતંત્ર થાય એ માટે મહાત્મા ગાંધીજી અને બીજા નેતાઓએ પ્રયત્નો કર્યા. સ્વાતંત્ર્ય મેળવવા કેટલાય શહીદો થયા. સને ૧૯૪૭ના ઓગષ્ટ માસની પંદરમી તારીખે આપણે આઝાદી હાંસલ કરી. આ દિવસેને આપણે સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવીએ છીએ. આ આપણો



ગૌરવભર્યો રાષ્ટ્રીય તહેવાર છે. પંદરમી ઓગસ્ટ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ ધ્વજવંદનનો છે. દિલ્હીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. તેઓ પ્રજાજોગ સંદેશો પાઠવે છે. આપણાં શહેરોમાં તથા ગામે ગામ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓમાં પણ ધ્વજવંદન કરવામાં આવે છે. પંદરમી ઓગષ્ટને દિવસે પ્રભાતફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દેશભક્તિનાં ગીતોનું ગાન જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. રાત્રીએ જાહેર સંસ્થાઓની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવે છે. ખૂબ બલિદાન આપીને મેળવેલી આઝાદીનું જતન કરવા પ્રતિજ્ઞા લેવાનો આ દિવસ છે. દરેકને રાષ્ટ્ર માટે પ્રેમ, ગૌરવ અને બલિદાન આપવાની ભાવના હોવી જોઈએ.

## શ્રુતલેખન

મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાભરના મહા-પુરુષોમાં મોખરે છે. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત જેવા મહાપુરુષો સાથે મહાત્મા ગાંધીજીને પણ યાદ કરવામાં આવે છે. આપણે સૌ તેમને 'મહાત્મા ગાંધીજી', 'બાપુજી' જેવાં લાડીલાં નામોથી ઓળખીએ છીએ.

મહાત્મા ગાંધીજીનું નામ મોહનદાસ હતું. તેમના પિતાનું નામ કરમચંદ હતું. તેમની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૬૯ ના ઓક્ટોમ્બર માસની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો. મહાત્મા ગાંધીજીની પત્નીનું નામ કસ્તૂરબા હતું. સૌ તેમને આદર સાથે "બા" કહીને બોલાવતા. ઘણી નાની ઉંમરમાં કસ્તૂરબા સાથે ગાંધીજીના લગ્ન થયાં હતાં. મેટ્રિક સુધીનો અભ્યાસ ભારતમાં પૂર્ણ કરી ગાંધીજી ઇંગ્લેન્ડ ગયા. ત્યાં તેમણે કાયદાનું શિક્ષણ મેળવ્યું. વકીલ થયા પછી તેમણે દક્ષિણ આફ્રિકામાં વકીલાત શરૂ કરી. એ સમયે આફ્રિકામાં કાળા-ગોરાના ભેદભાવ સામે તેમણે સત્યાગ્રહ કર્યો.

આફ્રિકાથી ગાંધીજી ભારત પાછા ફર્યા. સ્વરાજ્ય માટે તેમણે અંગ્રેજો સામે અહિંસક લડત શરૂ કરી. અમદાવાદમાં નદી સાબરમતીને કિનારે આશ્રમ

બનાવી તેઓ ત્યાં રહ્યા. મીઠા પર અંગ્રેજોએ કર નાંખ્યો. આ માટે તેમણે સત્યાગ્રહ આદર્યો. તેમણે આ કાયદાનો ભંગ કરવા સાબરમતીના આશ્રમથી દાંડીકૂચ યોજી. દાંડીકૂચના આરંભમાં તેમણે પ્રતિજ્ઞા લીધી : 'સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરું.'

## મકરસંક્રાતિ

'ઊંડે ઊંડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ.'

દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે.

આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને "ઉત્તરાયણ" પણ કહે છે.



દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની તૈયારીઓ શરૂ થઈ જાય છે. પતંગ બનાવવાની અને દોરી રંગવાની પ્રવૃતિથી શહેરો ધમધમી ઊઠે છે. મકરસંક્રાંતિની આગલી રાતે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. સૌ યુદ્ધની તૈયારી કરતાં હોય તેમ પતંગોને કિન્ના બાંધવા લાગી જાય છે.

મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ આકાશમાં પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ઠેરઠેરથી 'કાટા...' 'કાટા...' "લપેટ". "લપેટ.." ની બૂમ સંભળાય છે. સ્પીકરીનો ઘોંઘાટ વાતાવરણ ને ગાજવી મૂકે છે. પતંગરસિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.



આ તહેવારોનું ધાર્મિક મહત્વ પણ છે. આ દિવસે ગાયોને બાજરીની ઘુઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલના લાડુમાં સિક્કા પૂરી તે લાડુ દાનમાં આપે છે. તે ગુપ્તદાનનો મહિમા દર્શાવે છે. આ દિવસે લોકો શેરડી, બોર અને તલસાંકળી ખાય છે.

## મેં કરેલા પ્રવાસનું વર્ણન

પ્રવાસ હંમેશા યાદગાર હોય છે. પ્રવાસ દરમ્યાન આપણને નવુંનવું જોવા અને જાણવા મળે છે. પ્રવાસની પૂર્વતૈયારી એટલી ગણતરીબંધ અને વ્યવહારુ કરવી કે જેથી શરૂથી અંત સુધી ક્યાંય જરા પણ અગવડ કે મુશ્કેલી પડે નહિ.

વિદ્યાર્થીજીવનમાં પ્રવાસનું ઘણું મહત્ત્વ છે. પ્રવાસ કરવાથી આપણામાં સંપ, સહકાર, સહનશીલતા અને સાહસિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આપણે આપણું કામ જાતે કરતાં શીખીએ છીએ. સૌંદર્યને નિહાળવાની આપણી દૃષ્ટિ વિકસે છે. આપણને નવું નવું જોવા અને જાણવા મળે છે.

અમારી શાળામાંથી અમને દર વર્ષે પ્રવાસે જવાની તક મળે છે. પ્રવાસે જઈએ ત્યાં કોઈ વાર જમવાનું સારું ન મળે તો કોઈ વાર રહેવાની સારી સગવડ ન હોય. કોઈ વાર બસ ખોટકાઈ જાય તો કોઈ વાર ટ્રેન મોડી પડે. પણ આવી થોડીઘણી અગવડો જ આપણા પ્રવાસને રોમાંચક બનાવે છે.

એક વખત અમારી શાળા દ્વારા કચ્છ-ભૂજનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. એ પ્રવાસના રોમાંચક અનુભવોને તો હું આજે પણ ભૂલી શકતો નથી. પાંચ શિક્ષકો સાથે અમે પંચાવન વિદ્યાર્થીઓ લક્ઝરી બસ દ્વારા કચ્છ-ભૂજના પ્રવાસે નીકળ્યા.

સવારનું ખુશનુમા વાતાવરણ હતું. સાયલા, ચોટીલા, માટેલ વગેરે સ્થળો જોઈને અમે મોરબી પહોંચ્યા. ત્યાંથી ધોધમાર વરસાદ શરૂ થઇ ગયો. અમે અંજાર પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો. અમે ભીંજાતા ભીંજાતા ધર્મશાળાએ પહોંચ્યા.

કચ્છ-ભૂજમાં સામાન્ય રીતે વરસાદ ઘણો ઓછો પડે છે. તે પણ ચોમાસામાં જ પડે. દિવાળીના દિવસોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો એ બાબત અમારે માટે આશ્ચર્યજનક હતી. અમે વરસતા વરસાદમાં ભૂજના શ્રી

સ્વામીનારાયણ મંદિરની ધર્મશાળાએ પહોંચ્યા. કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો ટાઢથી ધ્રૂજી રહ્યા હતા. મોડી રાત્રે અમે ગરમ ગરમ ખીચડી અને કઢી જમ્યા.

રાત્રે વરસાદ થંભી ગયો હતો. સવારે તૈયાર થઈને અમે ભૂજનાં જોવાલાયક સ્થળો, મ્યુઝિયમ અને મહેલની મુલાકાત લીધી. ભૂજનું તળાવ પણ પાણીથી છલોછલ થયું હતું. આ કૌતુક જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટ્યાં હતાં.

બપોરે જમ્યા પછી અમે માંડવી તરફ રવાના થયા. માંડવીથી અમે માતાના મઢે પહોંચ્યા. સદ્ભાગ્યે ત્યાં અમને વરસાદનું વિઘ્ન નડ્યું નહીં. વહેલી સવારે માતાના મઢમાંથી નીકળીને અમે નારાયણ સરોવર ગયા. અમે ત્યાં કોટેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં.

ત્યારબાદ અમે કંડલા તરફ જવાને બદલે ભૂજમાં પાછા ફર્યા. અહીં અમે ભોજન લીધું. પછી અમે ભૂજમાંથી વિદાય લીધી. અમે રાતના એક વાગે શાળામાં આવી પહોંચ્યા. ત્યારબાદ જાણ્યું કે વાવાઝોડું બીજી દિશા માં ફંટાઈ ગયું હતું.

આ પ્રવાસમાં અમને ઠીકઠીક તકલીફો પડી. પણ અમને અમારામાં રહેલી હિંમત, સહનશક્તિ અને ભાઈચારાનો અનુભવ પણ થયો. આમ, આ પ્રવાસ મારો એક યાદગાર પ્રવાસ બની રહ્યો.

## મહાત્મા ગાંધીજી

મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાભરના મહા-પુરુષોમાં મોખરે છે. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત જેવા મહાપુરુષો સાથે મહાત્મા

ગાંધીજીને પણ યાદ કરવામાં આવે છે. આપણે સૌ તેમને 'મહાત્મા ગાંધીજી', 'બાપુજી' જેવાં લાડીલાં નામોથી ઓળખીએ છીએ.

મહાત્મા ગાંધીજીનું નામ મોહનદાસ હતું. તેમના પિતાનું નામ કરમચંદ હતું. તેમની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૬૯ ના ઓક્ટોમ્બર માસની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો.



મહાત્મા ગાંધીજીની પત્નીનું નામ કસ્તૂરબા હતું. સૌ તેમને આદર સાથે "બા" કહીને બોલાવતા. ઘણી નાની ઉંમરમાં કસ્તૂરબા સાથે ગાંધીજીના લગ્ન થયાં હતાં.

મેટ્રિક સુધીનો અભ્યાસ ભારતમાં પૂર્ણ કરી ગાંધીજી ઇંગ્લેન્ડ ગયા. ત્યાં તેમણે કાયદાનું શિક્ષણ મેળવ્યું. વકીલ થયા પછી તેમણે દક્ષિણ આફ્રિકામાં વકીલાત શરૂ કરી. એ સમયે આફ્રિકામાં કાળા-ગોરાના ભેદભાવ સામે તેમણે સત્યાગ્રહ કર્યો.

આફ્રિકાથી ગાંધીજી ભારત પાછા ફર્યા. સ્વરાજ્ય માટે તેમણે અંગ્રેજો સામે અહિંસક લડત શરૂ કરી. અમદાવાદમાં નદી સાબરમતીને કિનારે આશ્રમ બનાવી તેઓ ત્યાં રહ્યા. મીઠા પર અંગ્રેજોએ કર નાંખ્યો. આ માટે તેમણે સત્યાગ્રહ આદર્યો. તેમણે આ કાયદાનો ભંગ કરવા સાબરમતીના આશ્રમથી દાંડીકૂચ યોજી. દાંડીકૂચના આરંભમાં તેમણે પ્રતિજ્ઞા લીધી : 'સ્વરાજ લીધા વિના પાછો નહીં કરું.'

દાંડીકૂચ પછી તો અંગ્રેજો સામે લડતના ઘણા પ્રસંગો પડ્યા. તેમાં ૧૯૪૨માં અંગ્રેજોને પડકાર કર્યો : 'ભારત છોડો' આ આંદોલન મહત્ત્વનું છે. એ પ્રસંગે ગાંધીજીને અંગ્રેજોએ જેલમાં પૂર્યા. ગાંધીજી સાથે ભારતના ઘણા નેતાઓને જેલમાં અંગ્રેજોએ પૂરી દીધા હતા .

આખરે અંગ્રેજોએ ભારત છોડ્યું, અને સને ૧૯૪૭ના ઓગસ્ટ માસની પંદરમી તારીખે આપણને આઝાદી મળી.

આપણા દેશની ગરીબાઈ જોઈ તેઓ માત્ર શરીર પર એક જ વસ્ત્ર ધારણ કરતા, એટલે કે માત્ર ધોતિયું જ ધારણ કરે, છાતી અને પીઠ ખુલ્લાં રાખે. સ્વાવલંબનને ઉત્તેજન આપવા તથા સ્વદેશી માલના વપરાશ માટે તેમણે ખાદી અપનાવી અને ખાદીના પ્રચારને તેમણે પોતાના જીવનમાં અગ્રતા આપી.

ગાંધીજી એ હિંદુ-મુસ્લિમની એકતા માટે, અસ્પૃશ્ય નિવારણ માટે તથા હરિજનોની સ્થિતિ માટે ઘણા પ્રયત્નો કર્યા. આમ, દેશના ભલા માટે તેમણે મહાન કાર્યો કર્યા. તેઓ 'રાષ્ટ્રપિતા' કહેવાયા.

ગાંધીજીએ અંહિસા, પ્રેમ અને સાદાઈ જેવા ગુણોને જીવનમાં ઊતાર્યા હતા અને આ ગુણો જ તેમનો જીવનસંદેશ હતો.

ઈ.સ. ૧૯૪૮ના જાન્યુઆરી માસની ત્રીસમી તારીખે ગાંધીજી સાંજની પ્રાર્થના માટે જઈ રહ્યા હતા. ત્યારે નાથુરામ ગોડશે નામના હત્યારાએ તેમનું ખૂન કર્યું. ગોળી વાગતાં ગાંધીજીના મુખમાંથી "હે રામ" શબ્દ નીકળ્યા હતા.

ગાંધી બાપુની સમાધિ દિલ્હીમાં છે. તે 'રાજઘાટ'ના નામે ઓળખાય છે .

## માતૃપ્રેમ

માતા પોતાના બાળકો પ્રત્યેની લાગણીને કોઈ શબ્દોમાં વર્ણવી શકતું નથી. વાસ્તવમાં, મોટાભાગના લોકો જ્યાં સુધી પોતે માતા ન બને ત્યાં સુધી સમજી શકતા નથી. જીવનમાં આવતા કોઈપણ પતનમાં માતૃ પ્રેમ હંમેશા આપણને પ્રોત્સાહિત કરે છે. તેણી એકમાત્ર એવી વ્યક્તિ છે જેની પાસે આપણા શ્રેષ્ઠ ભવિષ્ય સિવાય કોઈ માંગ નથી. અને તેને પરવડી શકે તે તમામ આરામ આપે છે. માતૃ પ્રેમ માત્ર તેના બાળકને લાડ લડાવવા માટે જ નથી પરંતુ તેના બાળકને નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો જણાવવા માટે પણ છે.

સારો ઉછેર વ્યક્તિનું સારું ભવિષ્ય બનાવે છે અને માતા તેના બાળક માટે શ્રેષ્ઠ ભવિષ્ય આપવા માટે ઉત્તમ કાર્ય કરે છે. તેણી ઘરને ઘરમાં ફેરવે છે; તે એક સુપરવુમન તરીકે કામ કરે છે. કારણ કે ઘરના કામોનું સંચાલન કરવાનું અને પરિવારના તમામ સભ્યોની જરૂરિયાતોને સમયસર પૂરી કરવી એ કોઈ સરળ કામ નથી. જો આપણે વર્કિંગ લેડીઝ વિશે વાત કરીએ તો આપણે કલ્પના પણ કરી શકતા નથી કે તે કેવી રીતે બધું એકસાથે મેનેજ

કરશે. મને મારી માતા પર ગર્વ છે. જેમણે નોકરી કરવાની સાથે સાથે ઘરનું પણ યોગ્ય સંચાલન કર્યું છે. જન્મ પછી, બાળક તેની માતાને પ્રથમ મિત્ર તરીકે શોધે છે જે તેની સાથે વધારાની સંભાળ અને પોષણ સાથે રમે છે. તે તેના બાળક સાથે મિત્ર તરીકે સંપર્ક કરે છે અને તેના બાળકની તમામ પ્રવૃત્તિઓ પર નજર રાખે છે. માતા તેના બાળક સાથે રમતી વખતે ક્યારેય થાકતી નથી અને હંમેશા તેના વિશે વિચાર્યા વિના તેની તમામ માંગણીઓ પૂરી કરે છે.

માતા તેના બાળક માટે દેવદૂત જેવી છે.કોઈપણ અપેક્ષા વિના, માતા તેના બાળકના ભલા માટે કામ કરતી રહે છે. તે એક માર્ગદર્શક, શિક્ષક, મિત્ર, સંભાળ રાખનાર જેવી મમ્મી સહિત તમામ ભૂમિકાઓ ભજવે છે. તે દરેક સેકન્ડ તેના બાળકની તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે તેની આસપાસ વિતાવે છે. નાનપણથી જ, આપણી માતા આપણને એક સારા માણસ તરીકે બનાવવા માટે અને જીવનમાં સારા કાર્યો કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે શું ખોટું અને શું સાચું છે તે જણાવતી રહે છે.તે કોઈપણ અંગત લોભ વિના અમને પ્રેમ કરે છે અને કાળજી રાખે છે. માતાની સુગંધ તેના નવજાત બાળક દ્વારા સરળતાથી ઓળખી શકાય છે.

## સુભાષચંદ્ર બોઝ

આઝાદીના લડવૈયાઓમાં નેતાજી સુભાસચંદ્રનું નામ મોખરે છે.

સુભાસચંદ્ર બોઝનો જન્મ કટકમાં એક સામાન્ય પરિવારમાં 23 મી જાન્યુઆરી 1887 ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાદેવી હતું. તેમના પિતા શિસ્તના આગ્રહી હતા. તેમની માતા ખૂબ પ્રેમાળ અને ધાર્મિક હતા. સુભાસચંદ્રને પિતા પાસેથી શિસ્ત અને માતા પાસેથી માનવસેવાના પાઠ શીખવા મળ્યા હતા.

સુભાષચંદ્ર પર સ્વામી વિવેકાનંદની ઊંડી અસર પડી હતી. તેઓ માનવસેવાને પ્રભુસેવા માનતા. સુભાષચંદ્ર ને અંગ્રેજોની કેટલીક બાબતો ગમતી. તેઓ કહેતા : " ચુસ્ત શિસ્ત, સમય પાલન ,કામ કરવાની ધગજ વગેરે ઘણું બધું આપણે ગોરી પ્રજા પાસેથી શીખવા જેવું છે."

સુભાષબાબુ એ ઇંગ્લેન્ડ જઈ સારા નંબરે આઇ.સી.એસ ની પરીક્ષા પાસ કરી હતી. તે ઊંચા હોદ્દાની સરકારી નોકરી મેળવીને ઘણી સારી કમાણી કરી શકે તેમ હતાં. આમ છતાં, તે દેશની આઝાદી માટેની લડતમાં જોડાયા. તેઓ આદર્શ દેશભક્ત હતા.

સુભાષબાબુએ માતૃભૂમિની આઝાદી માટે શસ્ત્રોના ઉપયોગ દ્વારા ક્રાંતિનો રાહ પસંદ કર્યો. અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂર્યા. ત્યાં તેમને ક્ષય રોગ લાગુ પડ્યો. તેથી અંગ્રેજ સરકારે તેમને નજરકેદ હેઠળ રાખ્યા. સુભાષબાબુ વેશ બદલીને નજરકેદમાંથી છટકી ગયા તથા અનેક મુસીબતો વેઠી જર્મની પહોંચ્યા અને ત્યાંથી જાપાન ગયા. ત્યાં તેમણે 'આઝાદ હિન્દ ફોજ 'ની રચના કરી અને 'ચલો દિલ્હી' નું એલાન આપ્યું. તેઓ વિજયકૂચ કરતા કરતા આગળ વધી રહ્યા હતા ત્યારે કુદરતી પ્રકોપ થયો. મુશળધાર વરસાદ તૂટી પડ્યો. તેમને મળતો દારૂગોળો અને ખોરાકનો પુરવઠો પણ ખૂટી પડ્યો. તેમણે તેમની ફોજ ને પાછા ફરવાનો આદેશ આપ્યો. તે યુદ્ધના કામે વિમાન માર્ગે મંચુરિયા જવા નીકળ્યા હતા તે વખતે એક વિમાની અકસ્માતમાં તેમનું અવસાન થયું હતું.



આજે પણ દેશવાસીઓ આદર સાથે આ વીરપુરુષને યાદ કરે છે. તેમનું સૂત્ર 'ચલો દિલ્હી' આપણને સદાય યાદ રહેશે.

## પત્રલેખન

**તમારો મિત્ર ભણવામાં હોશિયાર છે, પરંતુ તે પોતાની તંદુરસ્તીની કાળજી રાખતો નથી. તેને તંદુરતી સુધારવાના ઉપાયો બતાવતો પત્ર લખો.**

પરેશ જે. પટેલ
A/3/4, વિનય ફ્લેટ્સ,
મણિનગર, અમદાવાદ,
પિનકોડ – 380 008
તા. 11-08-2021

પ્રિય મિત્ર સુરેશ,

તારો પત્ર મળ્યો. તે વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયો તે માટે તને અભિનંદન

મને તારા પિતાજી મળ્યા હતા. તે તારી તબિયતની ચિંતા કરતા હતા. તારે તારી તંદુરસ્તીની કાળજી રાખવી જોઈએ. દરરોજ સવારે વહેલા ઊઠીને કસરત કરવી જોઈએ. તારી શાળામાં રમતનો તાસ પણ રાખવામાં આવતો હશે. એમાં તારે હોંશથી ભાગ લેવો જોઈએ. વળી સાંજે તારે ફરવા પણ જવું જોઈએ. તારે તારા ખોરાકની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ. રોજ સવારે દૂધ પીવું જોઈએ. દરરોજ થોડાં ફળો અને શાકભાજી પણ ખાવાં જોઈએ.

હું આશા રાખું કે એક મિત્ર તરીકે તને મારી સલાહ ગમશે. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એ સૂત્ર યાદ રાખજે.

તારા માતા પિતાને મારા પ્રણામ.

તારો મિત્ર
પરેશ

## વિચાર વિસ્તાર

**કડવા હોયે લીમડા, શીતળ એની છાંય;**
**બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય.**

આ સુભાષિતમાં કુટુંબભાવનાની વાત કરવામાં આવી છે. તેને માટે લીમડાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. લીમડો ભલે કડવો હોય, પરંતુ એની છાયા શીતળ હોય છે. એ જ રીતે આપણાં ભાઈભાંડુ, કુટુંબીજનો ભલે વઢકણા હોય, પરંતુ એ જ સંકટ સમયે મદદરૂપ થતાં હોય છે. આથી આપણે આપણાં કુટુંબીજનોને પોતાનાં ગણવાં જોઈએ. તેઓ આપણને કોઈ વાર બે કડવાં વેણ કહે તો એનું માઠું લગાડવું જોઈએ નહી.

## વિચારવિસ્તાર

**હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય;**
**ખંત જો દિલમાં હોય તો, કદી ન ફોગટ જાય.**

આ પંક્તિઓમાં કવિ કહે છે કે કોઈ પણ મુશ્કેલ કામ મહેનત કરવાથી જલદી પૂરું થાય છે. જો આપણા દિલમાં ખંત હોય તો અઘરું લાગતું કામ પણ મહેનતથી પાર પાડી શકાય છે. આપણી મહેનત કદી નકામી જતી નથી.

કેટલાંક કામ અઘરા હોય છે. જો આપણે વિચાર જ કરતા રહીએ કે તે ક્યારે થશે અથવા કેવી રીતે થશે, તો તે કામ ક્યારેય થશે નહિ. આપણે ઉત્સાહથી અને આયોજનપૂર્વક એ કામ કરવા માંડીએ તો આપણને સફળતા ચોક્કસ મળે છે. વિદ્યાર્થી તરીકે આપણને જે વિષયો અઘરા લાગતા હોય તે શીખવા માટે આપણે ખંતથી મહેનત કરીએ તો એમાં ચોક્કસ સફળતા મળે છે.

આપણે ખંતથી મહેનત કરવી જોઈએ.

## વિચાર વિસ્તાર

**પીપળ પાપળ પાન ખરતા, હસતી કૂંપળિયા,**

**મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.**

આ પંક્તિઓમાં કવિ કહે છે કે પીપળાનાં પીળાં પાનને ખરતાં જોઈને પીપળાની કૂંપળો હસે છે. તેમને હસતી જોઈને ખરતાં પીળાં પાન કહે છે કે, 'તમે ધીરજ રાખો. આજે અમારી જે દશા થઈ રહી છે તેવી જ દશા કાલે તમારી પણ થવાની છે.'

કેટલાંક યુવકો ઘરડાં, અપંગ અને અશકત લોકોની હાંસી ઉડાવે છે, તેમની મજાક કરે છે, તે બરાબર નથી, કારણ કે એક દિવસ તેમની પણ એવી જ દશા થવાની છે.

આ પંકિતઓ પરથી બોધ મળે છે કે આપણે કોઈની મજાક, મશ્કરી ન કરીએ કે હાંસી ન ઉડાવીએ. ઘરડાં, અપંગ અને અશકત લોકો પ્રત્યે આપણે દયા અને સહાનુભૂતિ રાખવી જોઈએ.

## વિચાર વિસ્તાર

**આવ નહિ, આદર નહિ, નહિ નયનમાં નેહ;**

**તે ઘર કદી ન જઈએ, (ભલે) કંચન વરસે મેહ.**

આ પંકિતઓમાં કવિ કહે છે કે જે ઘેર આપણને આવકાર ન મળે, જે ઘરમાં આપણો આદર-સત્કાર ન થાય અને જે ઘરના લોકોમાં આપણા માટે

પ્રેમ ન હોય; તે ઘેર સોનાનો વરસાદ વરસે તોપણ આપણે જવું ન જોઈએ. આપણને સ્વમાન વહાલું હોવું જોઈએ. સ્વમાનને ખાતર જ ભગવાન શ્રીકૃષ્ણે દુર્યોધનનાં પકવાન ત્યજીને વિદુરને ઘરે ભાજી ખાધી હતી.

સ્વમાનના ભાગે આપણને ગમે તેટલો લાભ થતો હોય, તો તે જતો કરવો જોઈએ. તે જ પ્રમાણે આપણે પણ બીજાનું સંમાન સાચવવું જોઈએ. બીજાને આદર આપવો જોઈએ.

shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education

## અન્ય ધોરણ વાઈઝ અને વિષય વાઈઝ નિબંધો માટે

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

**CLICK HERE**

ધોરણ – ૩/૪/૫ ગુજરાતી

ધોરણ – ૫ હિન્દી

ધોરણ – ૫ અંગ્રેજી

ધોરણ – ૬/૭/૮ ગુજરાતી

ધોરણ – ૬/૭/૮ હિન્દી

ધોરણ – ૬/૭/૮ અંગ્રેજી

